# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન સંસ્થા, નાગપુર

## કપાસ પુર્વાનુમાન ૨૦૧૯-૨૦ : અઠવાડિક સલાહ/માર્ગદર્શન

**(સમય ગાળો : ૫ થી ૧૧ ઑગષ્ટ, ૨૦૧૯)**

| | ખરેખર વરસાદ (મીમી) ભારતીય વેધશાળા વિભાગ | | | | સુચિત/ પુર્વાનુમાન વરસાદ (મીમી) ભારતીય વેધશાળા વિભાગ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઑગષ્ટ | | | | ઑગષ્ટ | | | | | | |
| **તારીખ** | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| **ગુજરાત** | | | | | | | | | | | |
| અમરેલી | ૨૯.૮ | ૧૧૪.૪ | ૧૦૯.૪ | ૨.૬ | ૪૯ | ૪ | ૫ | ૪ | ૩૪ | ૧૯ | ૮ |
| ભાવનગર | ૨૬.૯ | ૦.૭ | ૧૧.૪ | ૧૫.૯ | ૫૦ | ૩ | ૪ | ૪ | ૨૪ | ૧૪ | ૧૦ |
| જામનગર | ૧૫ | ૦ | ૦ | ૦ | ૭ | ૪ | ૪ | ૪ | ૨૬ | ૧૦૬ | ૨૦ |
| રાજકોટ | ૨૨ | ૦ | ૮૧ | ૦.૬ | ૧૦ | ૩ | ૩ | ૩ | ૩૨ | ૧૧૧ | ૨૦ |
| ભરૂચ | ૪૯.૪ | ૨ | ૬.૮ | ૭૫.૪ | ૪૭ | ૧૫ | ૧૩ | ૨૨ | ૫૬ | ૨૬ | ૬ |
| સાબરકાંઠા | | | | | ૬૮ | ૩૯ | ૫ | ૧૧ | ૫૮ | ૮૭ | ૧૪ |
| સુરેન્દ્રનગર | ૫.૮ | ૦ | ૩૨.૮ | ૧.૬ | ૦ | ૦ | ૩ | ૩ | ૧૧૬ | ૧૦૬ | ૧૩ |
| અમદાવાદ | ૪૦.૫ | ૬ | ૧ | ૫૪ | ૩૬ | ૩ | ૪ | ૪ | ૧૨૩ | ૧૨૬ | ૧૦ |
| બરોડા | ૫૫૬.૮ | ૨૨.૮ | ૧૯ | ૧૧૮.૭ | ૭૪ | ૩૮ | ૮ | ૩૩ | ૮૫ | ૧૪ | ૬ |
| પાટણ | | | | | ૧૫ | ૦ | ૦ | ૩ | ૧૨૩ | ૧૪૧ | ૧૪ |
| મહેસાણા | | | | | ૩૯ | ૦ | ૦ | ૩ | ૧૨૩ | ૧૪૧ | ૧૨ |

**સલાહ/ માર્ગદર્શન**

જુનાગઢ ખાતે કપાસનો પાક ૫૦ દિવસનો વાનસ્પતિક વૃધ્ધિ અને ફુલ ભમરી વિકાસની અવસ્થાએ (ચાપવા બેસવાની શરૂઆતે) છે. આંતરખેડ, નિંદામણ નિયંત્રણ અને નાઇટ્રોજન ખાતરનો પ્રથમ હપ્તો આપવામાં આવેલ છે. અહેવાલના સમયગાળામાં થ્રીપ્સનો ઉપદ્રવ જોવા મળેલ છે. કપાસના ખેતરમાં છુટાછવાયા છોડોમાં મિલિબગનો ઉપદ્રવની શરૂઆત જોવા મળેલ છે. ભેજવાળા વાતાવરણને કારણે કેટલાક ખેતરોમાં ખુણિયા ટપકાના રોગની શરૂઆત જોવા મળેલ છે. સુરત ખાતે વાનસ્પતિક વૃધ્ધિ અવસ્થાએ હવામાન વાદ્દળછાયુ વરસાદવાળુ છે. નિંદામણ નિયંત્રણ ના કાર્યો થયેલ છે. સતત વરસાદને કારણે ખેતરના નિચાણવાળા ભાગમાં પાણી ભરાયેલ છે.

**સલાહ :**

જે ખેડુતોને ત્યાં મજુર ઉપલબ્ધ ન હોય તેણે ઊભા પાકમાં નિંદામણ નિંયત્રણ માટે ક્વિઝાલોફોપ ઇથાઇલ @ ૨૦ મિલિ/૧૦ લિટર પાણીમાં છંટકાવ કરવો. વરાપ મળતા આંતરખેડ અને નિંદામણ નિયંત્રણના કાર્યો કરવા. થ્રીપ્સનો ઉપદ્રવ વધવાની શકયતા છે. ફુગ આધારિત જૈવિક દવા બ્યુવેરીયા બેસ્યાના @ ૬૦ ગ્રામ + ડાયમીથોએટ ૩૦ ઇસી @ ૧૦ મીલી પ્રતિ ૧૦ લી. પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. ગુલાબી ઇયળની મોજણી માટે એકર દીઠ ૨ ફેરોમોન ટ્રેપ લગાડવા. જો સળંગ ૩ રાત્રી દરમ્યાન ગુલાબી ઇયળનાં સરેરાશ ૮ નર ફુંદા પ્રતિ ફેરોમોન ટ્રેપ પ્રતિ દિવસ જોવા મળે તો એક અઠવાડિયાની અંદર લીમડા આધારિત દવાનો ૫૦ મિલિ પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. મુળનો કોહવારો અને સુકારો અટકાવવા માટે રોગગ્રસ્ત છોડો અને આજુબાજુનાં તંદુરસ્ત છોડોની ફરતે જમીનમાં કાર્બાનડેઝીમ ૫૦% ડબલ્યુપી રોગનાશક દવા ૨ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી દરેડવું. પાનના ટપકા અને બળીયાના રોગને આવતા અટકાવવા પાયરેક્લોસ્ટ્રોબીન ૫% + મેટીરામ ૫૫% @ ૨૦ ગ્રામ પ્રતિ ૧૦ લી. પાણીમાં ભેળવીને છંટકાવ કરી શકાય.

| વરસાદ(મીમી) પ્રમાણિત રંગ | < ૫ | ૫-૨૦ | ૨૧-૫૦ | ૫૧-૮૦ | > ૮૦ |
|---|---|---|---|---|---|

૦.૦ મીમી વરસાદ (વરસાદ નથી).

ખાલી જગ્યા દર્શાવે છે કે આંકડાઓ ઉપલબ્ધ નથી.

**સ્રોત :** http://imdagrimet.gov.in

(નોંધ : વેબસાઇટ : http://imdagrimet.gov.in તા.૦૫/૦૮/૨૦૧૯ મુજબના આંકડાઓ)